સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ગંભીર નથી, ફરજ પ્રત્યે, સેવે બે-દરકારી!
લે ભોગ અમૂલ્ય જિંદગીઓનો બે-ખબરદારી!
બે ફિકરો, વિચારતા નથી, કરૂણ પરિણામો -
અકસ્માત બીજું કંઈ નથી છે બે-જવાબદારી!
(રોડ અકસ્માતો હવે સામાન્ય ઘટના)

હાઈકુ

રહો સતત,
કર્તવ્ય પાલનમાં -
સદા સજાગ...

એક મટકું
કરશે નિંદ્રાધીન -
અનેક જીવો...

ચિંતન

કુલીનૈઃ સહસંપર્કં પણ્ડિતૈઃ સહ મિત્રતામ્ ।
જ્ઞાતિભિશ્ચ સમં મેલં કુર્વાણો ન વિનશ્યતિ ।

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમંથી લેવામાં આવેલ છે.

ખાનદાન માણસો સાથે સંબંધ, પંડિત સાથે ભાઈબંધી, જ્ઞાતિજનો સાથે મેળ રાખનારો માણસ ખતમ થતો નથી. માણસે પંડિતો સાથે મિત્રતા રાખવી. પંડિત શાસ્ત્રજ્ઞાની તો હોય જ છે. તે પાકટ બુદ્ધિવાળો હોય છે. આવા પંડિત માણસો મળવા મુશ્કેલ હોય છે. હજાર માણસે એકાદ પંડિત મળે છે. જીવનમાં આવતી તકલીફોને દૂર કરવામાં એમની મદદ આપણને રસ્તો બતાવે છે અને સમાજમાં આપણી પ્રતિષ્ઠા પણ વધે છે. જ્ઞાતિજનો સાથે વિરોધ કરનાર ખતમ થાય છે. જ્ઞાતિજનો સાથે મેળ રાખનાર મનુષ્ય જીવનમાં સુખી થાય છે. સાર એ છે કે ખાનદાની અને જ્ઞાની તથા બુદ્ધિશાળી માણસો સાથે મિત્રતા બાંધી સુખી જીવન પસાર કરવું. સાથે સાથે અનિવાર્ય દુષ્ટ જ્ઞાતિજનો સાથે વગેર વિરોધે શાંતિથી જીવવું એવો જીવનમાં માર્ગદર્શક સંદેશ આ શ્લોકમાં અપાયેલ છે.

સુવિચાર

- બીજાનું સુખ જોઈ ઈર્ષા થાય એ પોતાના મનનો ક્ષય રોગ છે - **જીવન પાથેય**
- દીવો કદાચ આખી દુનિયાને ન ઉજાળી શકે પણ કોઈ એક ખૂણો તો ચોક્કસ સજાવી દે. આગ માટે એક તિખારો પણ કાફી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક જન્મતા બાળકમાં ભગવાન બનવાની શક્તિ અને ક્ષમતા છે તકલીફ એ છે કે કોઈ માણસમાં ભગવાન બનવાની તૈયારી જ હોતી નથી - **જીવન પાથેય**
- સુખ પેદા કર્યા સિવાય સુખ ભોગવવાનો કોઈને અધિકાર નથી - **હેલન કેલર**
- પાપીઓ આ ધરા કેરી છોડી ફીકર, તાગ અવકાશનો માપતા થઈ ગયા, દોર જામ્યો અહીં ઈન્કીલાબી 'જલન', અંધજનો આરસી રાખતા થઈ ગયા - **જલન માતરી**
- સારા માણસો વિનોદમાં જે બોલે છે તે શિલાલેખ પર લખેલા અક્ષર સમાન છે. પણ ખરાબ માણસો સોગંધ ખાઈને જે બોલે છે તે પણ પાણીમાં લખેલા અક્ષર સમાન છે - **હિતોપદેશ**
- આજનું ઔષધ : ચોખાની કાંજીમાં ગરમાળાના પાનને વાટીને પેસ્ટ ખરજવા, દાદર પર લગાડવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મોરારિ બાપુની રમણરેતી ખાતે ચાલતી રામકથામાં બનેલ પ્રસંગ. પૂજ્ય બાપુના શબ્દોમાં : હનુમાન જયંતિના દિવસે વિદેશથી આવેલા લંડનથી આવેલા પાંચ-સાંત કુટુંબના કુલ ૩૦ જેટલા સભ્યોએ એક લાલ બોક્સમાં મારી પાસે ખોલાવવાનો આગ્રહ કર્યો. મને થયું કે કદાચ એમાં કોઈ શ્રીરામની કે હનુમાનજીની તસવીર હશે. તેમણે કહ્યું, 'બાપુ, આ બોક્સ ખોલીને, અમને આશીર્વાદ આપો.' મેં પેકેટ ખોલ્યું. હું એક તકતીનું લખાણ વાંચીને ખુબ ખુશ થયો. તેમણે કહ્યું, 'બાપુ, લંડન જઈ અમારા આંગણામાં પ્રવેશ દ્વાર પર આ તકતી લટકાવવાની છે.'

તકતીમાં લખ્યું હતું.... '॥ રામ ॥ આ ઘરમાં નિંદા કરવાની સખત મનાઈ છે.'

'હું તો ખુબ ખુશ થયો કે આપણા ઘરમાં કોઈ આવે અને જલપાન કરે, ભોજન કરે, આપણે તેની સરભરા કરીએ, સેવા કરીએ, પણ આપણા ઘરમાં આવી બીજાની નિંદા ન કરે. નિંદાથી દૂર રહો તો ઘણી સારી વાત છે. દરેક પ્રવેશદ્વાર પર લખવા જેવું સૂત્ર છે. ભલે કાચ ન લખી શકાય પણ હૃદયમાં કોતરી રાખી શકાય.'

પ્રશાસનથી લઈ ન્યાયપાલિકા સુધી માતૃભાષાનો મહિમા થવો જોઈએ

તંત્રીસ્થાનેથી...

વિશ્વ માતૃભાષ દિવસે ગુજરાત કેડરના યુવાન આઈપીએસ અધિકારીએ મુદ્દાની વાત કરી છે. પોતે પાલનપુર પાસેના કાણોદર ગામની ગુજરાતી માધ્યમની શાળામાં ભણ્યા, પછી ઈજનેર થયા પરંતુ ગુજરાતી સાહિત્ય પ્રત્યેની રુચિ અકબંધ રહી. પરિણામે સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી) ની પરીક્ષામાં વૈકલ્પિક ગુજરાતી સાહિત્યનો વિષય રાખ્યો. આટલું જ પૂરતું નહોતું. આ લઘુમતી સમાજમાંથી આવતા તેજસ્વી યુવાને યુપીએસસીની પરીક્ષા પણ ગુજરાતીમાં આપી. પ્રશ્નો તો અંગ્રેજી અને હિંદીમાં જ પુછાય છે, પરંતુ જવાબ માતૃભાષામાં આપવાની છૂટ હોય છે. આઈપીએસ અધિકારી સફીન હસન કહે છે : હજાર શબ્દોમાં નિબંધ લખવાનો હોય ત્યારે પોતાની માતૃભાષામાં જે સહજતા અને આસાયેશ રહે તે સ્વાભાવિક રીતે જ અંગ્રેજી જેવી વિદેશી ભાષા કે હિંદી જેવી પર પ્રાંતીય ભાષામાં ન જ રહે. મૌખિક મુલાકાતમાં પણ પરીક્ષાર્થીને માતૃભાષામાં જવાબ આપવાની છૂટ મળે છે. એ માટે દુભાષિયાની વ્યવસ્થા રહેતી હોય છે. આઝાદ રાષ્ટ્રમાં વહીવટ માતૃભાષામાં ચાલે તે ઘણી આદર્શ બાબત છે. હસન જેવા ઉચ્ચ અધિકારીએ જે રીતે અઘરી ગણાતી પરીક્ષા માતૃભાષાના જ માધ્યમથી પહેલા પ્રયત્ને પાસ કરી છે તે ભવિષ્યમાં માતૃભાષામાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ કારકિર્દીના ઊજળા સંકેત સમાન છે. વિદેશી ભાષા આખરે તો વિદ્યાર્થીના માનસિક વિકાસને રૂંધનારું પરિબળ છે. ભાષા તરીકે એ શીખવામાં વાંધો ન હોવો જોઈએ, બલકે એમાં શ્રેષ્ઠતા પુરવાર કરવાનો જ પ્રયાસ કરવો જોઈએ, પરંતુ એ માતૃભાષાના ભોગે તો નહીં જ. નિરંજન ભગત કહેતા એમ આપણો વિદ્યાર્થી ગુજરાતી માધ્યમમાં ભણી ઉત્તમ અંગ્રેજી શીખે તે જરૂરી છે અને એકલી અંગ્રેજી જ કેમ, દેશની રાષ્ટ્રભાષા લેખે હિંદી અને એકાદ વધુ પરપ્રાંતીય ભાષામાં પર માહેર થાય તો કેવું રૂડું લાગે ! નવી શિક્ષણ નીતિમાં આવી ત્રિભાષી ફોર્મ્યુલા રજૂ થઈ છે. દક્ષિણના રાજયોને એમાં હિંદી તરફનો કેન્દ્ર સરકારનો પક્ષપાત દૃષ્ટિગોચર થતાં શરૂથી જ વિરોધી સૂરો ઉતરવા લાગ્યા છે. જો કે દેશની પાસે એક એવી દેશી ભાષા તો હોવી જ જોઈએ જે આમ જનતાને એકમેક સાથે સાંકળી શકે. ભારતીય ભાષાઓમાં એવી ક્ષમતા એક માત્ર હિંદી ભાષા પાસે છે. એ માત્ર હિન્દી ભાષી રાજયોની સરહદમાં સીમિત ભાષા નથી એ આખા દેશમાં બોલાતી અને સમજાતી વહેવારુ ભાષા છે. ફિલ્મો અને ધર્મ સંપ્રદાયોને કારણે એ આમ જનતા સુધી સીધી પહોંચ ધરાવે છે. એટલે ફક્ત રાજકીય ગણતરીઓથી હિંદીને માત્ર ઉત્તર ભારતની ભાષા માની લઈ એનો વિરોધ કર્યે રાખવો વાજબી નથી. દેશની તમામ ભાષાઓ રાષ્ટ્રની જ ભાષાઓ છે. પણ એક સેતુભાષા તરીકે હિંદીનો સ્વીકાર થાય તે જરૂરી જ નહીં, અનિવાર્ય છે. ભાષાના મુદ્દે પાકિસ્તાનમાંથી અલગ થઈ બાંગ્લાદેશનો જન્મ થયો હતો. એની સ્મૃતિમાં જ વિશ્વ માતૃભાષા દિવસ મનાવાતો રહે છે. આજે પણ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ બેઉ બે જુદા જુદા દેશોના ભાગ હોવા છતાં સાંસ્કૃતિક સામ્ય ધરાવે છે. બેઉ દેશોનાં રાષ્ટ્રગાન એક જ કવિની કલમે અવતરેલ છે : 'જન ગણ મન' અને 'આમાર સોનાર બાંગ્લા' - બેઉ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની રચનાઓ છે માતૃભાષાની હિમાયત રાષ્ટ્રપિતા ગાંધીથી લઈ સફીન હસન સુધીના તરવરિતા આઈપીએસ અધિકારી પર્યંત સમાન રીતે વિસ્તરી છે તે ગુજરાતી ભાષાના ઊજળા ભવિષ્યની એંધાણી છે. પશ્ચિમ બંગાળથી લઈ મહારાષ્ટ્ર અને તમિલનાડુ સહિતનાં દક્ષિણનાં રાજયો માતૃભાષાનો મહિમા કરે છે. ગુજરાતમાં પણ ગુજરાતીનો મહિમા વધે એવી અપેક્ષા અસ્થાને નથી. શાસન - પ્રશાસનથી લઈ ન્યાયપાલિકા પર્યંત માતૃભાષા જ માધ્યમ બની રહે તે ઈચ્છનીય ગણાશે.

મહિલાઓના મુદ્દે સંવેદનશીલતા દાખવવી જરૂરી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

'તાકી ન રહેશો. અમે સ્તનપાન કરાવીએ છીએ.' આ ફોટોલાઈન ધરાવતી એક તસવીર મલયાલમ સામયિક 'ગૃહલક્ષ્મી'ના મુખપૃષ્ઠ પર ત્રણેક વરસ અગાઉ છપાયેલી. જાહેરમાં સ્તનપાન કરાવવા બદલ મહિલાઓ સંકોચ ન અનુભવે એ માટેની એક ઝુંબેશના ભાગરૂપે ગીલુ

કળા હોય કે કાનૂન, અશ્લીલતા જોનારની આંખમાં હોય છે

જોસેફ નામની મોડેલનું ખાસ ફોટોશૂટ કરાવીને તેની સ્તનપાન કરાવતી તસવીર આ સામયિકે તસવીર મુખપૃષ્ઠ પર મૂકી હતી. અશ્લિલતાની ફરિયાદ થઈ અને મામલો અદાલત સુધી પહોંચ્યો. વડી અદાલતના ન્યાયમૂર્તિઓની બેન્ચે અશ્લિલતાની ફરિયાદ કાઢી નાખી અને કહ્યું, 'અમારા શ્રેષ્ઠ પ્રયત્નો છતાં આ તસવીરમાં અમને અશ્લિલતા જણાઈ નથી કે તેના લખાણમાં કશું વાંધાજનક જણાયું નથી. રાજા રવિ વર્મા જેવા કલાકારનાં ચિત્રોને જોઈએ એ જ દૃષ્ટિએ અમે આ તસવીરને જોઈ છે. સૌંદર્ય જેમ જોનારની આંખમાં વસે છે, એવું જ કદાચ અશ્લિલતા વિશે છે.' આમ, કેરળની વડી અદાલતે સામયિકની, તસવીરની, અને ખરેખર તો મૂળ મુદ્દાની તરફેણમાં ચુકાદો આપ્યો.

બીજા મામલાનો નિકાલ પોલિસ ફરિયાદથી આવી ગયો. તાજેતરમાં થયેલા મિન્ત્રા નામની કંપનીના લોગો (પ્રતીકચિહ્ન) બદલવાના મામલે અનેક લોકોએ પ્રતિક્રિયા આપી, જેમાંના મોટા ભાગનાનો સૂર એ હતો કે અશ્લિલતા જોનારની આંખમાં વસે છે. આ વિવાદને પગલે ગઈ કાલ સુધી સાવ અજાણી રહેલી નાઝ પટેલ નામની યુવતી અચાનક પ્રસિદ્ધ અને મોટા ભાગના લોકો માટે મજાકનો વિષય બની ગઈ છે. 'મિન્ત્રા'ના પ્રથમાક્ષર અંગ્રેજી અક્ષર 'એમ'માં આ યુવતીને સ્ત્રીની પ્રસૂતિમુદ્રા (ડિલીવરી પોઝ) દેખાયો. પોતાને દેખાયું એવું જ અન્યોને લાગે છે કે કેમ એ વિશે તેણે અમુક પરિચીતોને પૂછ્યું. આખરે તેણે પોલિસ ફરિયાદ નોંધાવી. આ મામલાને અદાલત સુધી પહોંચવાનો વારો જ ન આવ્યો. કંપનીના સંબંધિત અધિકારીઓ સાથે વાત થઈ અને તેઓ પોતાનો લોગો બદલવા માટે સંમત થઈ ગયા. એકાદ મહિનામાં તેઓ તેનો અમલ કરી દેશે એવી ખાત્રી આપી. આ મામલે સામાજિક નેટવર્કિંગનાં માધ્યમો પર લોકોએ નાઝ પટેલની 'નારીવાદી' માનસિકતાની ભરપૂર ખીલ્લી ઉડાવી.

આ બન્ને કિસ્સામાં સામ્ય હોય તો સંવેદનશીલ મુદ્દાનું છે, જેના કેન્દ્રમાં મહિલા છે. કાનૂને તેમાં મહિલાઓની સંવેદનશીલતાની તરફદારી બતાવી છે.

ત્રીજા કિસ્સામાં મહિલાઓ, કાનૂન અને સંવેદનશીલતા છે, પણ તેનું પરિણામ જુદું છે. ૩૯ વર્ષના એક આરોપી પર બાર વર્ષની એક બાળા પર યૌન ઉત્પીડનનો આરોપ હતો અને નાગપુર સેશન્સ કોર્ટે તેને ભારતીય દંડસંહિતા ૩૫૪ હેઠળ એક વર્ષની તથા 'પોક્સો' (પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ એક્ટ) અંતર્ગત ત્રણ વર્ષની સજા ફટકારી હતી. અલબત્ત, મુંબઈ વડી અદાલતનાં જસ્ટિસ પુષ્પા ગનેડીવાલાએ આ સજા રદ કરી. બાળકો પર થતા જાતીય હુમલા સામે રક્ષણ માટે 'પોક્સો'નો ખાસ કાયદો બનાવવામાં આવેલો છે. આ કાયદાનું અર્થઘટન કરતાં જસ્ટિસ પુષ્પાએ કહ્યું: 'વક્ષસ્થળને બળજબરીથી સ્પર્શ કરવો એ યૌન ઉત્પીડન નથી. પોક્સો હેઠળ યૌનહુમલો ત્યારે જ ગણાય જ્યારે યૌનસંબંધને ઈરાદે ત્વચાથી ત્વચાનો સ્પર્શ (સ્કીન ટુ સ્કીન ટચ) કરવામાં આવ્યો હોય. એટલે કે કોઈ સગીર બાળાના વક્ષસ્થળનો તેણે પહેરેલે કપડે સ્પર્શ કરવાને યૌન ઉત્પીડન કહી શકાય નહીં.' જસ્ટિસ પુષ્પાએ, અલબત્ત કાનૂનના દાયરામાં રહીને જ આ ચુકાદો આપ્યો હશે. આમ છતાં, તેમણે કરેલી વ્યાખ્યા ખતરનાક છે. સર્વોચ્ચ અદાલતે આ ચુકાદાને અટકાવ્યો છે. સાથે સાથે ત્રણ સભ્યોની કોલેજિયમે મુંબઈ વડી અદાલતના કાયમી ન્યાયાધીશ તરીકે પુષ્પા ગનેડીવાલાની ભલામણને પણ રદ કરી દીધી છે!

આ અગાઉ પણ એક-બે કિસ્સામાં આ જસ્ટિસે આપેલા ચુકાદા વિવાદાસ્પદ હતા. તેમની વાત પોતાની રીતે તાર્કિક હોઈ શકે એમ બને, પણ 'પોક્સો'ના કાયદાના હાર્દ સાથે તે સુસંગત નથી એ સ્પષ્ટપણે જણાય છે. બાળકો પર થતા જાતીય અત્યાચારને

અનુસંધાન પાના નં. ૭ પર

સંબંધોને સુદઢ બનાવવા માટે સંવાદ તેમજ મેલ-મિલાપ આવશ્યક...

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં કુટુંબવ્યવસ્થાનું એક આગવું સ્થાન રહ્યું છે. સંયુક્ત કુટુંબમાં રહેવું, સંપીને હળી-મળીને એકબીજા સાથે સુમેળભર્યા સંબંધો જાળવીને હેતપૂર્વક રહેવું એ બાબત જો કે હવે થોડી આઉટડેટેડ લાગે! પરંતુ, ભૂતકાળમાં આ પ્રકારની પરંપરાને કારણે લોકોમાં સહનશક્તિ,સહિષ્ણુતા અને બંધુત્વની ભાવના સહજપણે અનુભવાતી ! આજના આ યુગમાં સંબંધો ફેસબુક પર 'ફ્રેક બુક' જેવા અને વોટ્સઅપ પર ''મોર્ડન પંચાતના ઓટલા'' જેવા બન્યા છે. જો કે, આ બાબત સંપૂર્ણપણે અયોગ્ય જ છે એમ ન કહી શકાય પરંતુ, હા વિવેકભાન જાળવીને એના પર થોડું ચિંતન અને મનન કરવું ચોક્કસ આવશ્યક છે. સંબંધોરુપી કુમળા છોડને જતનપૂર્વક ઉછેરવા પડે છે. તેમાં લાગણી, પ્રેમ અને હૂંફનું સિંચન કરી તેની યથાયોગ્ય માવજત પણ કરવી પડે! સમયના અભાવે તે કરમાઈ ન જાય તેનું પણ ધ્યાન રાખવું અતિ-આવશ્યક હોય છે. આમ જોવા જઈએ તો આપણે જીવનમાં કેટલા બધાં સંબંધોનાં તાંતણે ગૂંથાયેલા છીએ! ભાઈ-બહેન, પતિ-પત્ની, સાસુ-વહુ, મા-દીકરી, પિતા-પુત્ર, મિત્રવર્તુળ એવા કેટલાંય સંબંધોનો આપણે માળો ગુંથ્યો હોય છે. આજના યુગમાં પતિ-પત્ની બંને નોકરી કરતા હોવાથી હવે સહકર્મચારીઓ એટલે કે કલીગનું પણ સર્કલ હોય છે અને મોટાભાગનો સમય સાથે રહેવાને કારણે એ સંબંધ પણ ઘણો સુંદર અને પ્રેમાળ રીતે રચાયો હોય છે. ફેસબુક અને વોટ્સઅપ ગ્રુપના મિત્રોનો સમૂહ એ પણ એક મોર્ડન રિલેશનશીપ તરીકે અત્યારે ઉપસી આવ્યો છે ! દરેક સંબંધની એક આગવી ગરિમા અને પોતીકી લાગણી હોય છે! સભાનતાપૂર્વક આપણે માત્ર સંબંધના મૂલ્યો અને હેતુમાં શુદ્ધતા રાખવી રહી !

વિભક્ત કુટુંબપ્રથાના જન્મ સાથે જ હવે લોકોમાં બીજાની વાત સાંભળવાની કે સમજવાની શક્તિ સાવ જ નહિવત્ બની છે. 'ફ્રીડમ' અને 'સ્પેસ' ના નામે ગમે તેટલું તોછડાઈભર્યું વર્તન પણ આપણે સહજપણે સ્વીકારતા થઈ ગયા છીએ. દરેક વ્યક્તિને પોતાની વાત અન્ય સાંભળે એવી ઈચ્છા હોય છે પરંતુ, કોઈની પાસે બીજાની વાત સાંભળવાનો સમય નથી. આ ખરેખર અત્યંત કરુણાજનક અને નિરાશાજનક બાબત ગણાય! બધા જો બોલે અને પોતાનો જ કક્કો ખરો માનવા લાગે તો એક આખેઆખો સાંભળનારો વર્ગ ધીરે ધીરે સાવ લુપ્ત બની જાય અને અંતે દરેક વ્યક્તિનું પોતાનું એક આગવું વિશ્વ ઊભું થાય, તે એમાં જ રચ્ચોપચ્ચો રહે અને તેને અન્યની પરવા કે લાગણી રહે જ નહિ! તે પોતાના વિચારો કોઈ સાવ અજાણી વ્યક્તિ સમક્ષ, ફેસબુક, ટ્વિટર કે વોટ્સઅપ પર શેર કરતો થઈ જાય. અંગત સમક્ષ હૈયુ ખોલવાનું ચલણ સાવ બંધ થઈ જશે અને પરિણામે, કુટુંબપ્રથા જેવું કંઈ રહેશે જ નહિ ! નાનપણથી જ બાળકોને જિદ્દી, પોતાનું ધાર્યું કરનારા અને ઈલેકટ્રોનિક્સ ગેમ્સમાં વ્યસ્ત રહેનારા બનાવી દેવામાં આવે તો શેરીમાં રમતા બાળકો સાથેની રમત, વાદ-વિવાદ, તેમની સાથેનો સંવાદ એ તમામ બાબતોથી આપણી યુવાપેઢી સાવ વંચિત થઈ જશે. તેની પ્રતિભાશક્તિ કુંઠિત બની જશે અને તે વધુ ને વધુ અંતર્મુખી બનતો જશે. લોકો સાથે વાત કરવાની અને સમાજમાં યોગ્ય રીતે વર્તવાની તેની ક્ષમતા સાવ કુંઠિત બની જશે! તે લોકોથી દૂર ભાગવા લાગશે અને પોતાના સુખદુઃખ પોતે એકલો જ અનુભવ્યા કરશે!પરિણામે, જયારે જીવનમાં બધું બરાબર અને તેની ઈચ્છા અનુસાર થાય ત્યારે કદાચ તેને કોઈની હૂંફની જરૂરીયાત ન પણ અનુભવાય પરંતુ, ખરેખર તેના જીવનમાં કોઈ અણધારી તકલીફ આવી પડે ત્યારે તે આ પરિસ્થિતિનો સામનો કરવાને બદલે પલાયનવૃત્તિ કેળવે છે, પોતાની જાતને અસલામત અનુભવે છે. આ કારણોસર જ આજના યુગમાં ડિપ્રેશન, સ્ટ્રેસ અને સ્યુસાઈડ જેવી ગંભીર તકલીફો મોટા પ્રમાણમાં વધી રહી હોવાનું જણાય છે !

કોઈ પણ સંબંધોને સુદઢ બનાવવા માટે સંવાદ તેમજ મેલ-મિલાપ એ અતિઆવશ્યક બાબતો છે. ઘરમાં રહેતી તમામ વ્યક્તિઓ એકબીજા સાથે વધુમાં વધુ સંવાદ કેળવે, વાતો કરે, એકબીજાને સમય આપે તે એક અતિઆવશ્યક બાબત છે. ટીવી, મોબાઈલ અને ઈન્ટરનેટના ભયંકર આક્રમણ સામે આપણે આપણી આંખોથી અન્યના મનને સમજી શકીએ તેમ કહ્યા વિના જ અંતરની ઊંડી લાગણીઓને પામી શકીએ તેવી ક્ષમતા કેળવવાની જરૂરિયાત કુટુંબવ્યવસ્થાને તંદુરસ્ત અને પરિપૂર્ણ બનાવવા માટે અનિવાર્ય છે. નવા સંબંધો કેળવીએ કે વિકસાવીએ તેમાં કોઈ બાધ નથી પરંતુ, મૂળભૂત અને પાયાના સંબંધોને સાચવીને રાખ્યા બાદ તેમજ તેમનું યોગ્ય જતન કર્યા બાદ જ આ નવા સંબંધોને ન્યાય આપીએ ! આપણી શ્રવણશક્તિ વિકસાવીએ અને અન્યની વાત, અન્યના દૃષ્ટિકોણને સાંભળતા તેમજ સમજતા જઈએ ! આપણી સંવેદનશીલતાને આપણી નબળાઈ નહિ પરંતુ, વ્યક્તિત્વની ઉજળી બાજુ ગણીએ ! અન્યના દુઃખમાં પ્રેક્ષક બની તેની હાંસી ઉડાવવાને કોઈ બહાદુરી નહિ પરંતુ, માનસિક વિકૃતિ ગણવી પડે. આજે કોઈ વ્યક્તિનો સમય તેના પક્ષમાં ન હોય કે તેની પરિસ્થિતિ યોગ્ય ન હોય તો તેને મદદ ન કરીએ તો કાંઈ નહિ પરંતુ, તેની હાંસી તો ન જ ઉડાવીએ કારણ કે, સમય દરેકનો બદલાશે ! જે બાબતનો આપણે વિરોધ કરવા ઈચ્છતા હોઈએ તેને વ્યક્ત કરવાની હિંમત કેળવીએ! પીઠ પાછળ કે ખાનગીમાં નિંદા-કૂથલી કરવાને બદલે પોતાની વાતને વ્યક્ત કરવાની રીત કેળવીએ ! અન્યના દુઃખ કે તકલીફને હાંસી ઉડાવીએ તેમજ કોઈના સુખની ઈર્ષ્યા પણ ન જ કરીએ. વાણી સ્વાતંત્ર અને વ્યક્તિ સ્વાતંત્ર્યના આ વિશાળ મનોવૃત્તિ ધરાવનારા દેશમાં દરેકની વાતનું સન્માન જાળવીએ અને દરેકને પોતાની વાત કહેવાની, તેની અભિવ્યક્તિની છૂટ આપીએ. આપણા દેષ્ટિકોણને ઉદાર તેમજ વિશાળ બનાવીએ. ફેસબુક અને વોટ્સઅપ તેમજ કલીસ સાથેના સંબંધોની સાથોસાથ ઘર-પરિવારના સંબંધોને પણ એટલી જ અગ્રીમતા આપીએ. જે રીતે ફેસબુક પર મુકાયેલા ફોટોગ્રાફ્સને ઝડપથી એક ક્લિક કરીને લાઈક કરી દઈએ છી તે જ રીતે આપણા ઘરે માળીકામ કરવા આવનાર માળી કાકા'ને પણ કયારેક એક લાઈક આપીએ અને કહીએ કે તમે બગીચાને સુંદર સજાવ્યો છે કે આપણા ઘરે દૂધ આપવા નિયમિતપણે આવનાર યુવાનને કહીએ કે 'દોસ્ત, તું સવાર-સવારમાં આ એક કોથળી દૂધ આપીને દિવસની ઉજળી શરુઆત કરે છે !?' આપણી આજુબાજુ રહેતા નાના-મોટા બાળકો રમતા હોય ત્યારે એમની વચ્ચે જઈને જેટલી સરળતાથી એ લોકો એકબીજાને માફ કરી દઈને રમવા લાગે છે તેને સમજીએ, જાણીએ અને માણીએ અને આપણે પણ નાની-નાની બાબતોને મનમાં ભરીને સંબંધોને શા માટે કચડી રહ્યા છી તે પ્રશ્ન આપણા અંતરમનને પૂછીએ ! માનવમાનવ વચ્ચેના સુમેળભર્યા સંબંધથી જ આ વિશાળ દુનિયાના લોકો એકબીજા સાથે પ્રેમના અને લાગણીના તાંતણે બંધાયા છે. આપણી સંવેદનાને જાગૃત કરીએ અને તેની સુવાસ ચારેબાજુ પ્રસરાવીએ! આપણે ભાવનાઓથી ભરપૂર અને લાગણીઓથી તરબતર એવા એક સુંદર સમાજની રચના કરીએ, આ માટે ઈશ્વરનો આભાર માનીએ અને વિનંતી કરીએ કે :

''મને પ્રેમની એવી શક્તિ આપ, પ્રભુ!
કે એક એવા ઘરનું હું સર્જન કરું -
જયાં કોઈને કોઈનો બોજ કે દબાણ ન હોય
જયાં ફૂલની જેમ સૌ ખીલે અને સંગીતની જેમ સંવાદી રહે
જયાં સહુને મુક્ત અભિવ્યક્તિનો અવકાશ હોય
જયાં સ્વતંત્રતા અને જવાબદારી વચ્ચેની સમતુલા જળવાતી હોય
જયાં સહુને એકબીજાનો આધાર અને હૂંફ હોય
જયાં નાના બાળકોથી માંડી પરિચારકો સુધી,
સહુના વ્યક્તિત્વનું સન્માન થતું હોય
જયાં શ્રીમંતમાં શ્રીમંત અને અકિંચનમાં અકિંચન મહેમાનનો
સમાનભાવે સત્કાર કરાતો હોય
મેં કેટલું ભવ્ય ને આલીશાન કે કલાત્મક ઘર બાંધ્યું
અને કેટલી મિલકત એકઠી કરી - તે નહિ.
પણ આ ઘર કેટલાને વિસામારૂપ બન્યું,
કેટલાને એની હવામાં આશ્વાસન, ટાઢક, આત્મીયતાની હૂંફ મળ્યા -
તે મારી સાર્થકતા હોય!''

- nehalgadhavi101@gmail.com

અનોખી સાડી લાયબ્રેરી : સાડી સંવેદના અને સામાજિક ચેતના પણ બની શકે હોં...

નવી સવાર
રમેશ તન્ના

અમદાવાદના વાડજ વિસ્તારમાં રામાપીરનો ટેકરો એટલે હજારો શ્રમિકોની વસાહત. અહીં ×ગ્રામશ્રી× નામની સંસ્થાના ઉપક્રમે છેલ્લાં દસ વર્ષથી સામાજિક સંવેદના અને ચેતનાના કેન્દ્ર તરીકે અનોખી સાડી લાયબ્રેરી ચાલી રહી છે. અનેક સ્ત્રીઓ શુભ પ્રસંગે નવી સાડી ખરીદવાનો ખર્ચ બચાવીને આ લાયબ્રેરીમાંથી પોતાને મનગમતી સાડી પહેરવા લઈ જાય, પ્રસંગ પતે એટલે ધોઈને-ઈસ્ત્રી કરાવીને પરત કરી આવે, અને તે કોઈ પણ પ્રકારના ચાર્જ વિના.

માત્ર અમદાવાદમાં જ નહીં, આવી સાડી લાયબ્રેરી લીલાપુર, રાહપુરા, પુનાદ્રા, વાઘજીપુરા, કડા, પેઢામલી, નરસિંહપુરા (વિરમગામ), ચડોતર (પાલનપુર) વગેરે ગામમાં પણ ચાલે છે. દરેક સાડી લાયબ્રેરીમાં પચાસેક સાડી રાખવામાં આવે છે. સાડી જોડે મોટાભાગે તેને અનુરૂપ બ્લાઉઝ પણ હોય છે. દર ત્રણ કે છ મહિને સાડી બદલવામાં આવે છે જેથી લાભાર્થી બહેનોને લેટેસ્ટ ચાલતી ફેશનની સાડી મળી શકે.

અહીં જે સાડી રાખવામાં આવે છે તે આમ તો થોડીક વખત પહેરેલી હોય છે, પણ તેની ગુણવત્તા એકદમ સરસ હોય છે. આ પ્રોજેક્ટનાં સંયોજક નીતાબહેન જાદવ કહે છે કે અમે ગમે તેવી સાડી લેતાં નથી. ખૂબ જ વપરાયેલી, ઘસાયેલી કે પછી ફાટી ગયેલી સાડી આવી લાયબ્રેરીમાં રાખવામાં આવતી નથી. સાડી લાયબ્રેરીમાં સાડીનો વધુ ઉપયોગ થઈ જાય પછી એવી સાડીઓને ગરીબ અને જરૂરિયાતમંદ બહેનોને ભેટ આપી દેવાય છે. તમે સાડી લાયબ્રેરીની સાડીઓ જુઓ તો દંગ રહી જાવ.. એકથી એક ચડિયાતી સાડી અહીં હોય છે.

સાડી લાયબ્રેરીનો પ્રારંભ કેવી રીતે થયો ? એની પાછળ રસપ્રદ કથા છે. મધ્યમ અને શ્રીનંત ઘરની બહેનો એક-બે વાર સાડી પહેરી લે તે પછી એ સાડી પહેરવાનું તેમને ઓછું ગમે. નવા પ્રસંગે નવી સાડી એવો વણલખ્યો નિયમ પણ ખરો. સાડી એ બહેનોની વિશેષતા ગણો તો વિશેષતા અને નબળાઈ ગણો તો નબળાઈ. નવી સાડી જોઈ નથી કે સ્ત્રીનું મન પલડ્યું નથી. સ્ત્રી માત્ર, નવી સાડીને પાત્ર. ઘરમાં કે દેહ પર નવી સાડી આવે પછી જૂની સાડીનું શું કરવું એ મોટો પ્રશ્ન હોય છે. કપડાં કબાટો કે વોર્ડ રૂમ છલકાતા જ રહે. જૂની સાડીઓ સાથે પાછો લગાવ એટલો બધો હોય કે કાઢી નાખવાનું મન ના થાય.

ગ્રામશ્રીનાં સ્થાપક શ્રીમતી અનારબહેન પટેલ અને અને માનવ સાધનાના સ્થાપક (અને તેમના જીવનસાથી) જયેશભાઈ પટેલને વિચારો આવ્યો કે જેમ પુસ્તકોની લાયબ્રેરી હોય તેવી જ રીતે સાડીઓની લાયબ્રેરી કરીએ તો ? આવા નવા અને ક્રિએટીવ વિચાર બન્નેને આવે તો ખરા, પણ તેનો બન્ને અમલ પણ કરે. તેમણે સૌપ્રથમ રામાપીરના ટેકરા પર રુદ્ર કેન્દ્રમાં આશરે ૧૧ વર્ષ પહેલાં પહેલી સાડી લાયબ્રેરી કરી જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. એ પછી તો એક પછી એક સાડી લાયબ્રેરી ખુલતી જ ગઈ. ટૂંકમાં લોકોએ આ નવા અભિગમને પ્રેમથી સ્વીકાર્યો. ગ્રામશ્રી સંસ્થાનાં ટ્રસ્ટી વંદનાબહ